# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમાં મુસદ્દા આધારિત જાહેર થયેલ મતદાર યાદીમાં 18 લાખ સાત હજાર કરતાં વધુ મતદારો સાથે કુલ 73 લાખ 73 હજાર જેટલા મતદારોના નામ રદ થયા**
2. **નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સાથે મુલાકાત અંગે ખુશી વ્યક્ત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**
3. **અમદાવાદમાં i-Hub ખાતે ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો શો કેસ અને સ્ટાર્ટ અપ ઇકો સિસ્ટમ ફ્યુઝન મીટ યોજાઇ**
4. **રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો, દાહોદ સૌથી ઠંડુ શહેર**
5. **અમદાવાદમાં રમાયેલી છેલ્લી ટી-20 મેચમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ભારતે શ્રેણી જીતી લીધી..**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# VOTER LIST

**મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની જાહેર થયેલી મુસદ્દા આધારિત મતદાર યાદીમાં 18 લાખ સાત હજારથી વધુ મૃત્યુ પામેલા મતદારોના નામ કમી કરવામાં આવ્યાં છે.**

**રાજ્યા મુખ્ય નિર્વાચન અધિકારી હારિત શુકલાએ જણાવ્યું હતું કે સતત દોઢ માસ ચાલેલી SIRની અસરકારક કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી જેમાં કુલ 73.73 લાખ મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી કમી કરવામાં આવ્યાં**

**બાઇટ- હારિત શુક્લ , મુખ્ય નિર્વાચન અધિકારી , ગાંધીનગર**

---

# SIR OVERALL

રાજ્યભરમાં **S.I.R.** બાદ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. ત્યારે આણંદ જિલ્લામાં 7 વિધાનસભા વિસ્તારમાં 18 લાખ 12 હજાર 327 મતદારો નોંધાયા છે. જેમાંથી **15** લાખ **80** હજાર **547** મતદારોનો મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ થયો છે અને **2** લાખ **31** હજાર **780** વ્યક્તિઓના નામ મુસદ્દા મતદારયાદીમાંથી કમી કરવામાં આવ્યા છે.

ભાવનગરમાં જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. મનીષ કુમાર બંસલે જણાવ્યું કે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી અંતર્ગત **18** લાખ **66** હજાર **937** મતદારો પૈકી **16** લાખ **37** હજાર **971** મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા છે. અને આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું છે.

વલસાડમાં **11** લાખ **59** હજાર **110** મતદારોએ ફોર્મ પરત જમા કરાવ્યા છે. અને ગણતરીપત્રકમાં મૃત્યુ પામેલા મતદારોની સંખ્યા **47** હજાર **227** ,ગેરહાજર મતદારો **39** હજાર

**100,** કાયમી સ્થળાંતર થયેલ મતદારો **1** લાખ **25** હજાર **488** અને અન્ય કારણસર ફોર્મ પરત ન આવેલ હોય એવા મતદારો **4** હજાર **635** છે.

કચ્છ જિલ્લામાં કુલ **6** વિધાનસભા મતવિસ્તારમાં **14** લાખ **76** હજાર **409** મતદારો નોંધાયા છે. અને મુસદ્દા મતદારયાદીમાં **2** લાખ **14** હજાર **175** મતદારોના નામ જુદા જુદા કારણોસર દૂર કરાયેલ છે.

છોટાઉદેપુર જીલ્લામાં **7** લાખ **76** હજાર **945** મતદારોને ડિઝિટાઇઝ્ડ કરાયા છે. **27** હજાર **647** મતદારો મૃત્યુ પામ્યા છે. **27** હજાર **994** મતદારો કાયમી સ્થળાંતર થયા છે.

જામનગરમાં મુસદ્દા યાદીમાં 10 લાખ 63 હજાર 620 મતદારોનો સમાવેશ કરાયો છે. જ્યારે 1 લાખ 77 હજાર 477 મતદારોને આ યાદીમાંથી દૂર કરાયા છે.

---

# CM X POST

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નવી દિલ્હીની મુલાકાતે હતા . તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરી હતી.

તેમણે પીએમ સાથેની મુલાકાત બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, નવી દિલ્હી ખાતે આદરણીય પ્રધાનમંત્રી સાથે મુલાકાતનો અવસર ખૂબ ઊર્જાપૂર્ણ રહ્યો. ગુજરાતમાં નવા મંત્રીમંડળની રચના બાદ પીએમ મોદી સાથેની આ મુલાકાતમાં રાજ્યના સર્વાંગી વિકાસ તેમજ જનસુખાકારી માટે 'ટીમ ગુજરાત'ની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

તાજેતરમાં આયોજિત રાજ્ય સરકારની ચિંતન શિબિરમાં થયેલ 'વિકસિત ગુજરાત'ના નિર્માણના ચિંતન તેમજ આગામી વિકાસલક્ષી આયોજન અંગે તેઓશ્રી સાથે ચર્ચા કરી, અને તેમનું બહુમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત કર્યું.

---

# AHMEDABAD-AMRUT MEHASANA INOVATION

અમદાવાદમાં **i-Hub** ખાતે ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો શો કેસ અને સ્ટાર્ટ અપ ઇકો સિસ્ટમ ફ્યુઝન મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા જિલ્લા કક્ષાએ નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટેના એક મજબૂત અને સફળ મોડલ તરીકે 'ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો'ને રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ વિભાગના અગ્રસચિવ મુકેશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન મિશન( **AMSIM**)ની અત્યાર સુધીની પ્રભાવશાળી સફર અને 'ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો મોડલ' કઈ રીતે કામ કરે છે તે દર્શાવતી એક વિશેષ વીડિયો ફિલ્મ બતાવવામાં આવી હતી.

---

# SURENDRA NAGAR SASHAKTI NARI MELO

સુરેન્દ્રનગરના મેળાના મેદાન ખાતે ત્રિ-દિવસીય ‘ સશક્ત નારી મેળા’નો પ્રારંભ થયો છે. પ્રભારી મંત્રી દર્શના વાઘેલા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ રીબીન કાપીને મેળાને ખુલ્લો મૂક્યો હતો. ઉદ્ઘાટન બાદ મહાનુભાવોએ મેળામાં ઊભા કરવામાં આવેલા વિવિધ સ્ટોલની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

પ્રભારી મંત્રીએ મહિલા કારીગરો સાથે સીધો સંવાદ સાધી તેમના દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુઓ વિશે માહિતી મેળવી હતી અને બહેનોના અદભૂત હસ્તકલા-કૌશલ્યને હૃદયપૂર્વક બિરદાવતા મંત્રી દર્શન વાઘેલાએ જણાવ્યું હતું કે, મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને તે સરકારની મુખ્ય પ્રાથમિકતા છે.

# બાઇટ- દર્શના વાઘેલા, મંત્રી , ગુજરાત

આ સાથે જ દર્શનાબેન વાઘેલા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા એ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત 'ઝાલાવાડ ફૂડ ફેસ્ટિવલ'નો શુભારંભ કરાવ્યો હતો. આ મેળાનું આયોજન આવતીકાલ સુધી કરવામાં આવ્યું છે.

જગદીશ મકવાણાએ જણાવ્યું હતું કે , સુરેન્દ્રનગર-વઢવાણ આજે વિકાસના પંથે છે. હવા મહેલના વિકાસ માટે 21 કરોડ અને સાઉથ ઝોન રિવરફ્રન્ટ માટે ૨૬૫ કરોડ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા શહેરનો કાયાકલ્પ કરવામાં આવશે.

---

## G RAM G VALSAD BYTE

સંસદમાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગૅરન્ટી મિશન – ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો – જી-રામ-જી 2025 પસાર કરાયો છે. રાજ્યસભામાં ગઈકાલે રાત્રે આ ખરડાને મંજૂરી મળી હતી.

સરકાર આ ખરડાના માધ્યમથી વર્ષ 2047માં વિકસિત ભારતના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ ગ્રામીણ વિકાસ માળખું તૈયાર કરવા માગે છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાશે.

વલસાડના સ્થાનિક નલિન પટેલે આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: NALIN PATEL, LOCAL PERSON)**

---

# 108 EMRI SEVA

રાજ્યમાં આ વર્ષે ગત 11 મહિનામાં 108 ઇમરજન્સી સેવાને એક કરોડ 86 લાખથી વધુ કૉલ મળ્યા. તેમાંથી 60 લાખથી વધુ પ્રસુતિ સંબંધિત અને 22 લાખ 55 હજારથી વધુ માર્ગ અકસ્માતમાં 108 દ્વારા  તાત્કાલિક સેવા અપાઈ છે. વર્ષ 2007માં શરૂ થયેલી આ સેવા અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ સાબિત થઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

(V/C- PRAVESH ADIACHA)

*(.... રાજ્યભરમાં આજે '108 ઇમરજન્સી સેવા' 24 કલાક અને સાતે-સાત દિવસ વિનામૂલ્યે સેવા આપી રહી છે. આ વર્ષે નવેમ્બર સુધીમાં 108 સેવાએ વિક્રમજનક એક કરોડ 86 લાખથી વધુ ઇમરજન્સી કૉલ મેળવીને દર્દીઓને તાત્કાલિક સેવા આપી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ 18 લાખથી વધુ લોકોનો જીવ બચાવાયો છે. ઉપરાંત એમ્બ્યુલેન્સમાં 97 હજાર 295 જેટલી સગર્ભા મહિલાને તેમજ જે-તે સ્થળ પર 59 હજાર 903 એમ કુલ એક લાખ 57 હજારથી વધુ સગર્ભા મહિલાની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે. )*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# WEATHER

**રાજ્યમાં ઠડીનો ચમકારો જોવા મળ્યો છે.    8.4 ડિગ્રી સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. જ્યારે વડોદરા અને અમરેલીમાં 11.2 ડિગ્રી અમદાવાદમાં 14.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.   નલિયામાં 14.8 ડિગ્રી તાપમાન રહ્યું હતું.**

---

# MATCH

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પાંચમી અને અંતિમ ટી-20 મેચમાં ભારતનો 30 રને વિજય થયો હતો. આ વિજય સાથે જ ભારેત શ્રેણી 3-1થી જીતી લીધી હતી.

ગઇકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ભારતને બેટીંગ આપી હતી. 16 બોલમાં અડધી સદી ફટકારીને હાર્દિક પંડ્યાએ ઝંઝાવાતી બેટિંગનો પરિચય આપ્યો હતો .

ભારતના 231 રનના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 201 રનમાં ઓલ આઉટ થઇ ગઇ હતી. હાર્દિક પંડ્યાને મેન ઓફ ધ મેચ જ્યારે વરૂણને પ્લેયર ઓફ ધ સિરિઝનો એવોર્ડ એનાયત થયો હતો.

---